Acknowledgement

# નિવેદન

હું સુરતથી એમ.એ. કરવા માટે એમ.એસ. યુનિવર્સિટીમાં આવી. એ સમય દરમ્યાન પ્રો. જયેશ ભોગાયતા સરને અભ્યાસક્રમ અને સાહિત્યિક ચર્ચાઓના અનુષંગે અવારનવાર મળતી. મારા માર્ગદર્શક વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રકારની કૃતિઓ હંમેશા વંચાવતા રહે. એમનો આ ઉમળકો મેં પ્રત્યક્ષપણે અનુભવ્યો છે. કોઈ પણ પુસ્તક સર અમને આપતા ત્યારે મુખ્ય પૃષ્ઠથી લઈ અંત સુધીનું અવલોકન કરવાનું સૂચન કરતાં એમની પુસ્તક આપવાની શૈલી પણ સ્પર્શી જતી. એમની એ શૈલી હજુ પણ મારા ચિત્તમાં તાજી છે. સરની એ શૈલી જ કૃતિ તરફ જવા માટે પ્રેરતી. તે સમયમાં સરે મને શિરીષ પંચાલ દ્વારા અનુવાદિત બે વાર્તાઓ 'પિયાનો' અને 'આબમાંથી શરાબ' વાંચવા આપી હતી. સરે વાર્તા આપીને કહ્યું કે વાંચીને તને જે અનુભૂતિ થાય એની નોંધ કરીને મને બતાવજે. ત્યારબાદ સર અવનવી સાહિત્યિક કૃતિઓ વંચાવતા ગયા. સાહિત્યમાં રસની અભિવૃદ્ધિ થતી જ ગઈ. સાહિત્યજગત તરફ અભિમુખ કરવાનો શ્રેય મારા માર્ગદર્શકને આપું છું. સાહિત્યજગતનો સંસ્પર્શ થતાં મારી ચેતના વિસ્તરતી ગઈ એની મેં પ્રતીતિ કરી છે.

અમારા ગુજરાતી વિભાગમાં એમ.એ.ના અભ્યાસક્રમમાં 'વિવેચન', 'સૌંદર્યશાસ્ત્ર', 'સાહિત્ય અને ફિલસૂફી' તથા 'સાહિત્યમાં આધુનિકતા' જેવા વિષયો જ સાહિત્યજગત તરફ જવા માટે પ્રેરે છે. મારા માર્ગદર્શક 'સાહિત્યમાં આધુનિકતા' નું પેપર એમ.એ. પાર્ટ-ર માં શીખવતાં હતા ત્યારે મને એ અભ્યાસક્રમમાં સમાવિષ્ટ આધુનિક વિવેચકોનું પ્રદાન સ્પર્શી ગયું હતું. સુરેશ જોષી, સુમન શાહ, ચન્દ્રકાન્ત ટોપીવાળા, સિંતાશુ યશશ્ચંદ્ર અને શિરીષ પંચાલના વિવેચનકાર્યનો પરિચય થયો. શોધનિબંધની વિષય પસંદગીનું પ્રેરક બળ એમ.એ. પાર્ટ-ર માં આધુનિક વિવેચકોનો, એમના વિવેચનકાર્યનો ઊંડો પરિચય થયો ત્યાંથી પ્રાપ્ત થયું. મારા મનમાં ત્યારથી એક પ્રકલ્પ જાગેલો કે હું ભવિષ્યમાં આધુનિક સર્જનાત્મક સાહિત્ય કે આધુનિક વિવેચક પર સંશોધનકાર્ય કરીશ. આ દિશા તરફ જવાનું બીજુ કારણ એ પણ છે કે ગુજરાતી

સાહિત્યમાં આધુનિક વિવેચન થયું એમાં સુરેશ જોષી, ચન્દ્રકાન્ત ટોપીવાળા, સુમન શાહ, શિરીષ પંચાલ અને સિંતાશુ યશશ્ચંદ્રનું મહત્વનું યોગદાન છે પરંતુ આ વિવેચકોના વિવેચનકાર્ય વિશે સમગ્રલક્ષી અભ્યાસ ઓછો થયો છે એવી મારી પોતાની પ્રતીતિ છે. આથી મેં આધુનિકક્ષેત્રે થયેલાં વિવેચનકાર્યને મારા શોધનિબંધનો વિષય રાખવાનો નિર્ણય કર્યો. મેં એમ.એ. પૂરું કર્યા પછી એરહોસ્ટેસનો પ્રોફેશનલ કોર્ષ કર્યો. પરંતુ મારી વિચારસરણીને અનુકૂળ એ ક્ષેત્ર ન લાગ્યું. આથી મેં નેટની પરીક્ષાની તૈયારી શરૂ કરી અને માર્ગદર્શક જયેશ ભોગાયતા આગળ સંશોધનકાર્ય કરવા અનુષંગે પ્રસ્તાવ મૂકયો. નેટની પરીક્ષા જેઆરએફ સાથે પાસ કરતાં મારું પીએચ.ડી કરવાનું સ્વપન સારી રીતે સાકાર થવા લાગ્યું. એ વખતે મારા માર્ગદર્શક પાસે ‘ચંદ્રકાન્ત ટોપીવાળાના વિવેચનકાર્ય’ પર એમના વિદ્યાર્થિની ઉર્વી તેવારનું પીએચ.ડી. લગભગ પૂરું થવામાં હતું.

મારા માર્ગદર્શકે શોધનિબંધના વિષય સંદર્ભે મને ત્રણ-ચાર વિષયો સૂચવ્યાં હતાં પરંતુ મારે તો આધુનિક વિવેચક પર સંશોધનકાર્ય કરવું હતું. માર્ગદર્શક સાથે લાંબી ચર્ચા-વિચારણા બાદ મેં ‘શિરીષ પંચાલની વિવેચના’ વિષય પર સંશોધનકાર્ય કરવાનો નિર્ણય લીધો. એમણે કેટલુંક વાંચવાનું સૂચવ્યું અને નોંધો તૈયાર કરાવીને મારી કસોટી કરી. એમની એ પરીક્ષામાં હું પાર પડી અને એમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી કરવાની તક મળી. માર્ગદર્શકનો પહેલેથી જ આગ્રહ હતો કે મૂળ ગ્રંથને જ વાચવું. વસ્તુલક્ષી અભિગમે એની તપાસ કરવી. મેં એમના સૂચનનો ગંભીરતાપૂર્વક અમલ કર્યો છે. મારા શોધનિબંધનો વિષય વિવેચક શિરીષ પંચાલનું વિવેચનકાર્ય છે. આ વિષયનો ગંભીરતાપૂર્વક અભ્યાસ થાય એ માટે માર્ગદર્શકે ગુજરાતી વિવેચનના ઈતિહાસનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનું સૂચન કર્યું. અને ગુજરાતી વિવેચનના ઈતિહાસમાં જે-જે પ્રશ્નો વિશે ચર્ચા-વિચારણા થઈ છે એનો આલેખ મેં પ્રથમ પ્રકરણમાં આપ્યો છે. ગુજરાતી વિવેચનના ઈતિહાસનો અભ્યાસ કરીએ તો વિવેચક શિરીષ પંચાલના ગૃહીતો, અભિગમો, દષ્ટિબિંદુઓ વધુ સ્પષ્ટ થતાં જોવા મળે.

કારણકે વિવેચક શિરીષ પંચાલે પુરોગામીઓનો પ્રભાવ ઝીલ્યો છે કે એમનાથી જુદા પડયાં છે એની પ્રતીતિ ગુજરાતી વિવેચનના ઈતિહાસમાંથી પસાર થતા થાય. શોધનિબંધ માટે જરૂરી વિષય સામગ્રીનું વાચન કરતી વખતે મને પ્રતીતિ થઈ કે આપણા મોટાભાગના વિવેચકોએ પૂર્વ કરતાં પાશ્ચાત્યમીમાંસાનો જ વધુ અભ્યાસ કર્યો છે. તો મને પ્રશ્ન થાય છે કે પાશ્ચાત્યમીમાંસા વડે આપણાં ત્યાંની કૃતિઓને તપાસવી કેટલી યોગ્ય છે? શું આપણા ત્યાંના સાહિત્યને મૂલવે છે ખરાં?

મને ગુજરાતી વિવેચનની સ્થિતિનો જે પ્રત્યક્ષ અનુભવ થયો છે એનો આલેખ પ્રથમ પ્રકરણમાં આપ્યો છે. તથા ગુજરાતી વિવેચન એટલું તો સક્ષમ છે જ કે તે પાશ્ચાત્ય વિવેચનની સામે ઊભું રહી શકે. ગુજરાતી વિવેચનમાં અત્યાર સુધીમાં જે-જે સમ્પ્રત્યયો વિશે ચર્ચા-વિચારણા થતી આવી છે એનું કેન્દ્રબિંદુ મહ્દઅંશે દરેક વિવેચકની ચર્ચા-વિચારણામાં અનુસંધાન પામતું જોવા મળે છે. છતાં આધુનિક યુગની વિવેચનામાં સાહિત્યિક-વિવેચનલક્ષી વિચારણામાં ધરખમ પરિવર્તનો જોવા મળ્યાં છે.

મારા શોધનિબંધમાં વિવેચક શિરીષ પંચાલની વિવેચન પદ્ધતિ, અભિગમો, દષ્ટિબિંદુઓ, અન્ય વિવેચકોથી કંઈ રીતે જુદા પડે છે તે તથા બીજા આધુનિક વિવેચકોની જેમ વિવેચક શિરીષ પંચાલ પરંપરાથી ઊફરાં જાય છે કે પરંપરાને સાથે લઈને ચાલે છે તે પણ મારા શોધનો વિષય રહ્યાં છે. વિવેચકનું મોટાભાગનું વિવેચન અગ્રંથસ્થ લેખોમાં સમાવિષ્ટ છે. એમના અગ્રંથસ્થ લેખોના ખાખા-ખોળા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની હંસા મહેતા લાયબ્રેરીમાં સંશોધનકાર્ય કરતાં ધૂળ ધોયાનું કાર્ય કર્યુ એની પ્રતીતિ થઈ. માર્ગદર્શકે કહ્યું હતું કે વિવેચકના નામને જોઈને પ્રભાવમાં નહી આવવું પરંતુ એમના વિવેચનકાર્યને પ્રાધાન્ય આપવું. સંશોધનની સાથે અન્ય સાહિત્યિક કૃતિઓની ચર્ચા અવારનવાર કરે અને વાંચન-લેખનની પ્રેરણા આપતાં જાય. માર્ગદર્શક જયારે પણ કોઈપણ સાહિત્યિક વિચાર વિશે ચર્ચા-વિચારણા કરે ત્યારે એમની વાતમાં પુનરાવર્તન જોવા ન મળે. અભિનવ વિચારણાનું વિત્ત તેમની ચર્ચા-

વિચારણામાંથી મળતું રહ્યું છે અને એ જ વિત્તે સંશોધનકાર્ય જેવા મુશ્કેલ કાર્ય સામે ટકી રહેવાનું બળ આપ્યું.

મારા શોધનિબંધનું કાર્ય પૂરું થયું એમાં મારા માર્ગદર્શક જયેશ ભોગાયતાએ જે ભૂમિકા ભજવી એ માટે હું એમનો સહૃદયપૂર્વક આભાર માનું છું. શોધનિબંધમાં મદદરૂપ થનાર ગુજરાતી વિભાગના ગુરૂજનો તથા મારા અંગત મિત્રોનો આભાર માનું છું. મારા શોધનિબંધ દરમ્યાન ઊભા થયેલાં કપરાં સંજોગો, અણધાર્યા અકસ્માતોમાં ખડે પગે રહેનારા મારા માતા-પિતા તથા મારા પતિ મોતી અને મારા નાના કાર્યથી લઈ મોટા કાર્યનું ભારણ સંભાળતો મારો નાનો ભાઈ હિમાંશુ, મારા કાર્યને અભિનવ આકાર આપવા માટેના મૂળભૂત આધાર બન્યાં છે. આ ચાર વ્યકિતઓ વગર મારા શોધનિબંધનું કાર્ય પાર પડવું જ અશકય હતું. મારા પતિ મોતીના પરમ મિત્ર કિરણભાઈએ મારા મહાનિબંધને મુદ્રિત કરવાનું બીડું ઝડપ્યું. ઘણા ટૂંક સમયમાં એમણે અનેક વ્યસ્તતાઓ વચ્ચે મારા કાર્યને પાર પાડી આપ્યું એ કદાચ બીજાથી શકય બન્યું ન હોત. એમ.એસ.યુનિવર્સિટીની હંસા મહેતા લાયબ્રેરી, ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ) અને આ સંસ્થાના ગ્રંથપાલ, સહાયકોની હું ઋણી છું.

શોધનિબંધનું કાર્ય પૂર્ણ થયા પછી વિવેચનક્ષેત્રે નૂતન અભિગમથી વિશેષ કાર્ય કરવાનો ઉત્સાહ છે. શોધનિબંધનું કાર્ય ભલે પૂરું થાય છે પણ મને ગુજરાતી વિવેચનની હકારાત્મકતા રજૂ કરતાં સ્વાધ્યાય લેખો લખવાની ખૂબ ઈચ્છા છે જે હું પૂરી કરીશ.

૧૨.૫.૨૦૧૪

વડોદરા. ઉર્વશી ઉમરેઠીયા